# ‘સત્સંગ પ્રવીણ’ પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

## સત્સંગ પ્રવીણ - ૨

રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮ | સમય : બપોરે ૨ થી ૫ | કુલ ગુણ :- ૧૦૦

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને ‘બારકોડવાળું’ ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે મૂક્યાં વગર પરત મોકલવું.

સ્વામિનારાયણ
BAPS

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે ‘બારકોડ’ દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૯) | |
| | ૩ (૮) | |
| | ૪ (૬) | |
| | ૫ (૫) | |
| | ૬ (૫) | |
| | ૭ (૮) | |
| | ૮ (૬) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..............................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૯ (૯) | |
| | ૧૦ (૯) | |
| | ૧૧ (૮) | |
| | ૧૨ (૬) | |
| | ૧૩ (૪) | |
| | ૧૪ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . .

ચેકર - નામ

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

................................

**પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-**

૧. **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૫. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

૭. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**

2. Please write clearly and legibly.

3. Do not write your name on the answer book.

4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.

5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**

6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks

7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**

8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.

9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|



## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ

**પ્રશ્ન.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''ભગવાન હોય તો તું પાછો કેમ આવે ?''

**કોણ કહે છે ?** કૃષ્ણજી **કોને કહે છે ?** મૂળજીને

**ક્યારે કહે છે ?** કૃષ્ણજી અને મૂળજી મહારાજ પાસે ત્યાગી થવા જાય છે ત્યારે બંને કેડિયા પરની તસુ છોડવા માંડી, એક તોડી નાખી. હવે ક્યાં પહેરવી છે એમ કરીને. એમનો આવો વૈરાગ્ય જોઈને મહારાજે કહ્યું કે તમે પરમહંસ જ છો. સંસાર તમને બંધન નહિ કરે. જાવ ગૃહસ્થાશ્રમ કરો. મૂળજી મહારાજને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સમજતો પણ કૃષ્ણજીને એમ કે ભગવાન કેમ કહેવાય ? મોટા પુરુષ કહેવાય ? ત્યારે કહે છે.

| ગુણ : ૩ | |
|---|---|

૨. ''એને તમારા ધામનો અધિકારી બનાવજો.''

**કોણ કહે છે ?** અમૂલાબાઈ **કોને કહે છે ?** શ્રીજીમહારાજને

**ક્યારે કહે છે ?** જીવા ખાચર દાદા ખાચર પરના દ્વેષભાવને લઈને શ્રીજીમહારાજને મારવા રામ ખાચરને મોકલે છે ત્યારે તેમનું કપટ ખુલ્લું પડી જાય છે. આવું કૃત્ય કર્યું હોવાથી જીવા ખાચરના અંત સમયે તેમનાં બહેન અમૂલાબાઈ મહારાજને પ્રાર્થના કરતાં કહે છે.

| ગુણ : ૩ | |
|---|---|

૩. ''પ્રયત્ન કરો સત્સંગ થશે.''

**કોણ કહે છે ?** શાસ્ત્રીજી મહારાજ **કોને કહે છે ?** મગનભાઈને

**ક્યારે કહે છે ?** મગનભાઈની બદલી ટરોરોમાં થઈ. અહીં દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો. વળી, હરમાનભાઈ પણ પહેલાં અહીં આવી ગયેલા અને સત્સંગ કરાવવાના એમના પ્રયાસો નિષ્ફળ ગયેલા. તેથી મગનભાઈ મૂંઝાયા કે હવે કેમ કરી અહીં સત્સંગ થશે ત્યારે શાસ્ત્રીજી મહારાજ પત્ર દ્વારા આશીર્વાદ આપતાં કહે છે.

| ગુણ : ૩ | |
|---|---|

| ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો | | ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા |
|---|---|---|

**પ્રશ્ન.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી.
૨. રામબાઈએ ઘડામાંથી થોડું પાણી પીધું અને બાકીનું કૂવામાં નાંખ્યું.
૩. શ્રીજીમહારાજ ગણિકાના મહેલે પધાર્યા.
૪. શ્રીજીમહારાજે કહ્યું, 'તમારું નામ અદ્‌ભુતાનંદ પાડીએ છીએ.'

( ૨ ) એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે કઠલાલના પાદરેથી જતા હતા. ત્યાં રામબાઈ કૂવે પાણી ભરતાં હતાં. મહારાજ આવ્યા છે જાણી માથે બેડું લઈને સીધા મહારાજ પાસે ગયાં. મહારાજનાં દર્શન કરી વિનંતી કરી કે 'આપ મારે ગામ પધારો. મારું ઘર પાવન કરો. મારાથી બનતી સેવા કરીશ. ગામમાં સત્સંગ નથી તો આપના પુનિત પગલાંથી સત્સંગ થશે.' રામબાઈનો આવો ભાવ

જોઈ મહારાજ રાજી થયા અને બોલ્યા અત્યારે અમારે વરતાલ જવાની ઉતાવળ છે તો ભવિષ્યમાં ફરી ક્યારેક આવીશું માટે રાજી થઈ અમને રજા આપો. પોતાના ઈષ્ટદેવની મરજી પ્રમાણે વર્તે તે જ આદર્શ ભક્ત છે. રામબાઈ એવા આદર્શ ભક્ત હતા. મહારાજ વધારે રોકાઈ શકે એમ નથી એવું જાણી માથેથી પાણીનું બેડું ઉતારી સૌને પાયું પછી મહારાજને કહે કે 'હે મહારાજ ! આપના ચરણ આ પાણીમાં બોળો.' મહારાજે પૂછ્યું કે તમે આ પાણીનું શું કરશો ? રામબાઈ બોલ્યાં કે આ ચરણામૃત થોડું હું પીશ અને બીજું ગામના કૂવામાં નાખીશ. જેથી ગામમાં સત્સંગ નથી તે જાણે-અજાણે જે કોઈ આ કૂવાનું પાણી પીશે તે તમારા સત્સંગી થઈ તમારું ભજન કરશે. પોતાના ઈષ્ટદેવ પાસે ભૌતિક સુખની કે બીજી કોઈ માંગણી ન કરતાં સૌનું સારું થાય એવી ભાવના જોઈ સાથેના સૌ સંતો-હરિભક્તો તથા મહારાજ ખૂબ રાજી થયા. સૂરા ખાચરે અને સોમલા ખાચરે કહ્યું કે 'ધન્ય છે તમને કે તમો મહારાજનો આવો મહિમા સમજો છો.' પછી મહારાજે રાજી થઈને રામબાઈના ઘડામાં પગ બોળ્યા અને વરતાલના માર્ગે ચાલી નીકળ્યા. રામબાઈએ થોડું પાણી પોતે પીધું અને બીજું ગામના કૂવામાં નાંખ્યું. આજે પણ જે ભાગમાં તે કૂવો છે ત્યાં સત્સંગ સચવાયો છે.

ગુણ : ૩

( ૩ ) જેતલપુરમાં મહારાજ મોટો અહિંસામય યજ્ઞ કરી રહ્યા હતા. આ યજ્ઞમાં હજારો બ્રાહ્મણોને જમાડવાના હતા. તેથી મહારાજ જાતે ગાડું ભરેલા ઘઉં લઈને શેરીઓમાં બધાને દળવા માટે આપતા હતા. બધાને આ સેવાનો લાભ મળે તેથી કોઈ વધારે ઘઉં માગે તોપણ આપતા ન હતા. ફરતાં-ફરતાં જ્યાં ગણિકા રહે છે એ ફળિયામાં આવ્યા. અવાજ સાંભળીને ગણિકા હિંડોળાપાટ પર ઝૂલતી હતી ત્યાંથી બહાર પગથિયાં ઉપર આવીને ઊભી. મહારાજને જોતાં જ તેના અંતરમાં પરિવર્તન થયું. તેણે મહારાજને પૂછ્યું આ ઘઉં તમે બધાને દળવા આપો છો ? મહારાજે હા પાડી. આનું મહેનતાણું શું આપશો ? ત્યારે મહારાજે કહ્યું કે મહેનતાણાના રૂપમાં પૈસાને બદલે આશીર્વાદ આપીએ છીએ. ગણિકાએ જાતે ઘઉં દળવાનું કહ્યું એટલે મહારાજે તેને બે માપ (બે મણ) ઘઉં આપ્યા. ઘઉં લઈ ગણિકા ઘરમાં દાખલ થઈ. નાહીને શુદ્ધ થઈ ઘંટી સાફ કરી જાતે દળવા બેઠી. દાસીઓ બહુ પ્રકારે કહેવા

લાગી કે તમે કોઈ દિવસ આવું કામ કર્યું નથી તો થાક લાગશે, ફોલ્લા પડશે, પણ એને તો પ્રભુને રાજી કરવા હતા. પ્રભુએ મને જ કહ્યું છે દળવાનું. આખી રાત દળ્યું. અન્ન-પાણી લીધા વગર, થાક લાગ્યો, આખું શરીર પરસેવાવાળું થયું. જેમ જેમ ઘઉં દળાતા ગયા તેમ તેમ તેના અંતરની મલિનતા દૂર થતી ગઈ. સ્વામિનારાયણનું ભજન કરતાં-કરતાં દળતી ગઈ. આખરે સવારે ઘઉં દળાઈ ગયા. નાહીને ટોપલામાં લોટ ભરીને મહારાજ પાસે આવીને ટોપલો મૂકતાં કહ્યું કે હવે મને આશીર્વાદ મળશે ને ? ત્યારે સભાજનો શંકા-કુશંકા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, 'હે મહારાજ ! આ તો જાતની વેશ્યા છે, હલકાં કામ કરે છે. તે કોઈ દિવસ જાતે દળે નહિ. દાસી પાસે દળાવ્યું હશે.' પણ મહારાજને તો તેના નિર્મળ અંતઃકરણની ખબર જ હતી. તેથી સૌને જાણ થાય એ માટે કહ્યું કે તેં તારી જાતે ઘઉં દળ્યા છે તો તારા હાથ બતાવ તો ? ગણિકાના હાથે ફોલ્લા જોઈ સૌ સભાજનો સ્તબ્ધ થઈ ગયા અને સૌની શંકાનું નિવારણ થઈ ગયું. પછી મહારાજે આશીર્વાદ આપ્યા, 'જા, તારું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે.' પછી ગણિકાના આમંત્રણથી મહારાજ તેના મહેલે પધાર્યા. ગણિકાએ મહારાજ, સંતો-હરિભક્તોને સારી રસોઈ કરી જમાડ્યા.

| ગુણ : ૩ | |
|---|---|

( ૪ ) કડુ ગામના કલ્યાણદાસનાં લગ્ન મેથાણ ગામે થયાં હતાં. તેમના મામા અજા પટેલની છત્રછાયા નીચે લગ્નવિધિ પૂરો થવાનો જ હતો ત્યાં ખેપિયાએ અજા પટેલને કાગળ આપ્યો. તેમાં લખ્યું હતું કે અજા, સુરા, માંચા, કાળા, કરમશી, લાધા, જીવા આદિ હરિભક્તો જ્યાં હોય ત્યાં ખાવું-પીવું પડતું મૂકીને સંસાર છોડીને સાંખ્યયોગી, કર્મયોગી હરિજન જેનાથી નીકળાય તે નીકળજો. રાજનો કુંવર હોય તેને ન કહ્યું અને તે પણ નીકળે તો તેની ઉપાધિ અમારે લેવી.' કાગળ વાંચી અજા પટેલ જવા તૈયાર થયા. કલ્યાણદાસે બે-ત્રણ વખત કાગળ વાંચી એ પણ સાથે તૈયાર થયા. અજા પટેલે કહ્યું કે પણ આમાં તમારું નામ ક્યાં છે ? ત્યારે તેમણે કહ્યું કે 'આદિ' શબ્દ લખ્યો છે તેમાં હું ગણાઉં કે નહિ ? ઘરના સૌ સંબંધીજનોએ ઘણી ના પાડી છતાં તૈયાર થઈ ગયા. મંડપમાંથી સીધા જ નીકળી ગયા. પછી તેઓ બંને જેતલપુર થઈ રામદાસ સ્વામી પાસે દીક્ષા લઈ મહારાજ પાસે ભૂજ આવ્યા. મહારાજે ગામ બહાર સ્વાગત કર્યું. નવા પરમહંસોને ભેટ્યા. પછી કહ્યું કે આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં છે ? તે કેમ આવ્યા છે ? ત્યારે કલ્યાણદાસે કહ્યું કે હે મહારાજ ! આપે લખ્યું છે કે આદિ ભક્તજનો, તો તેમાં હું ગણાઉં કે નહિ ? સાંખ્યયોગી કે કર્મયોગી જેનાથી નીકળાય તે

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

નીકળજો. અમારું બહુ ગમતું છે. જેથી જગતના નાશવંત સુખમાં ન રહેતા આપનું ગમતું કરવા આવ્યો છું.' આ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા. તેમને પાસે બોલાવી તેમના હાથેથી મીંઢળ છોડી કાઢ્યું. તેમને દીક્ષા આપી 'અદ્‌ભુતાનંદ' સ્વામી નામ પાડ્યું. કારણ કે કોઈનાથી ના થાય તેવું અદ્‌ભુત કાર્ય તમે કર્યું છે તેથી તમારું નામ અદ્‌ભુતાનંદ રાખીએ છીએ એમ કહી મહારાજે રાજીપો બતાવ્યો.

| ગુણ : ૩ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. જેઠા મેર **અથવા** ૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી

( ૧ ) શ્રીજીમહારાજ તેમના ભક્તોના સંકલ્પ પૂરા કરવા વિચરણ કરતા ને ઘરોઘર ફરતા. એક વખત તેઓ જેઠા મેરને ઘેર આવ્યા. જેઠા મેરે રસોઈ કરી મહારાજને જમાડી તૃપ્ત કર્યા. મહારાજે જેઠા મેર અને તેમનાં પત્ની બંનેને બોલાવ્યાં. ત્યારે જેઠા મેરે કહ્યું કે 'અમો છેડા વર્તમાન પાળીએ છીએ તેથી એક ઓરડામાં સૂતાં-બેસતાં નથી.' ત્યારે મહારાજે કહ્યું કે આજથી તમારું એ વ્રત પૂરું થયું છે એમ કહી ઉપદેશની ઘણી વાતો કરી પોઢી ગયા.

જેઠા મેર અને તેમનાં પત્ની વાતો કરી રહ્યાં હતાં કે આ મહારાજની મૂર્તિ પર તેજ ઝરે છે, તેમની વાણીમાં અમૃત વહે છે. આપણાં બહુ મોટા ભાગ્ય કહેવાય કે તેઓ આપણે ઘેર પધાર્યા. આટલી વાત કરતાં હતાં ત્યાં પ્રકાશ દેખાયો ને શિવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો તથા લક્ષ્મીજી, પાર્વતી વગેરે દેવીઓ દેખાયાં. કોઈ મહારાજને થાળ જમાડે છે, ચળું કરાવે છે, કોઈ આરતી ઉતારે છે એમ દેખાયું. પછી બ્રહ્માએ જેઠા મેરને કહ્યું તમે આજે ધન્ય થયાં છો. તમારાં માતા-પિતાને પણ ધન્ય છે. તમે બંને ઘણા વખતથી બ્રહ્મચર્ય પાળતા હતા ને મોક્ષ માટે યત્ન કરતા હતા. જેઠા મેરે પૂછ્યું, અમે કયા યુગથી બ્રહ્મચર્ય પાળ્યું છે ? બ્રહ્માદિક દેવોએ કહ્યું 'કૃતયુગથી તમો બંને બ્રહ્મચર્ય પાળો છો અને

તેથી આજે તમારે ઘેર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પધાર્યા છે' આટલું કહી તેઓ અદૃશ્ય થઈ ગયા. ખરેખર જે કામને મોટા મોટા શિવ-બ્રહ્માદિક દેવો પણ જીતી શક્યા નથી તેને જેઠા મેરે વશ કર્યો હતો. તેથી મહારાજ અતિ પ્રસન્ન થયા હતા. તેમને ઘેર પધારી તેમને પાવન કર્યા હતા.

ગુણ : ૪

૩. આજ્ઞા **અથવા** ૪. સંપ્રદાયનાં તીર્થો

( ૪ ) ભારતીય ભૂમિ તીર્થોની ભૂમિ તરીકે પંકાયેલી છે. तरति पापादिकं यस्मात् અર્થાત્ જ્યાં મનુષ્ય પાપાદિકથી મુક્ત થાય છે તેને તીર્થો કહે છે. તીર્થો ત્રણ પ્રકારનાં છે.

(૧) નિત્ય તીર્થ : સૃષ્ટિની શરૂઆતથી જ જે ભૂમિમાં દિવ્ય, પાવનકારી ગુણો હોય તેને નિત્ય તીર્થ કહે છે. દા.ત. કૈલાસ, માનસરોવર, ગંગા, યમુના, ગોદાવરી વગેરે.

(૨) ભગવદીય તીર્થ : જ્યાં ભગવાનના અવતારો થયા હોય, જ્યાં તેમણે લીલા કરી હોય, ભક્તોને મળ્યા હોય એવી ભૂમિ એટલે ભગવદીય તીર્થ. ભગવાન તો નિત્ય કલ્યાણકારી ગુણોએ યુક્ત હોય છે અને તેઓ દિવ્ય, અપ્રાકૃત અને ચિન્મય હોય છે. તેથી તેમનાં ચરણ અંકિત થયાં તે ભૂમિ દિવ્ય થઈ ગઈ.

ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયા, કર્મભૂમિ ગઢડા, વરતાલ, લોજ, માંગરોળ, પીપલાણા, અમદાવાદ, ભૂજ વગેરે તીર્થો ભગવાનના સંબંધથી પવિત્ર તીર્થ થયાં છે.

(૩) સંત તીર્થ : પરમ ભાગવત સંતનું શરીર દેખાવે ભલે સ્થૂળ, સામાન્ય મનુષ્ય જેવું હોય પણ તેને ને ભગવાનને સંબંધ હોય અર્થાત્ તેના હૃદયમાં શ્રીહરિનો અખંડ નિવાસ હોય છે. તેથી તે સંતના સંબંધમાં આવેલી તમામ વસ્તુઓ તીર્થ બની જાય છે. તેને જંગમ તીર્થ પણ કહે છે. તેથી તેમની

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | | પ્ર-૪ | |
|---|---|---|---|---|

જન્મભૂમિ, નિર્વાણભૂમિ વગેરે તીર્થ સમાન છે.

અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના સંબંધથી ભાદરા, મહુવા, મહેળાવ, ધારી, ચાણસદ તથા ગોંડલ, બોચાસણ, અટલાદરા, સારંગપુર વગેરે તીર્થ છે.

ગુણ : ૪

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો — ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

૧. ભક્તે સહિત ભગવાનનું ધ્યાન કરવું જોઈએ - તે માટેનું કોઈ એક શાસ્ત્ર-પ્રમાણ આપો. ગુણ : ૧

જ. રાધાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું. (વચ.ગ. પ્ર. ૫)

૨. રાજાભાઈને કયો નિયમ હતો ? ગુણ : ૧

જ. ગામમાં સંતો આવે ત્યારે પોતાના ઘેરથી પહેલું સીધું લાવી તેમની મરજી પ્રમાણે જમાડવાનો રાજાભાઈને નિયમ હતો.

૩. શ્રીજીમહારાજે અન્ન-દ્રવ્યની શુદ્ધિ માટે કયો નિયમ આપ્યો છે ? ગુણ : ૧

જ. અન્ન-દ્રવ્યની શુદ્ધિ માટે દશમો ભાગ ઠાકોરજીને અર્થે અર્પણ કરવાનો નિયમ આપ્યો છે.

૪. ભગવાનના ધામ આગળ શું નરકતુલ્ય કહ્યું છે ? ગુણ : ૧

જ. દેવલોકને ભગવાનના ધામ (અક્ષરધામ) આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે.

૫. શ્રીજીમહારાજના સ્વભાવને યથાર્થ જાણનાર બે ભક્તોનાં નામ લખો. ગુણ : ૧

જ. મૂળજી બ્રહ્મચારી અને સોમલા ખાચર શ્રીજીમહારાજના સ્વભાવને યથાર્થ જાણનારા હતા.

૬. વચનામૃત વિષે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું છે ? ગુણ : ૧

જ. વચનામૃત સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો — ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | |
|---|---|---|

**પ્રશ્ન.૫** ભગવાન ને મોટા સાધુને.... **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **અથવા**
ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ **વચનામૃતનું નિરૂપણ લખો.** **(કુલ ગુણ : ૫)**

**સ્વામીની વાત :** 'ભગવાન ને મોટા સાધુને આશરે તો વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય ને સાધન કરીને તો કૂટી-કૂટીને મરી જાય તોપણ ન ટળે.'

નિરૂપણ :- સ્વામી આ વાત દ્વારા સમજાવે છે કે ગમે તેવું મોટું દુઃખ આવે તો પણ ભગવાન અને સંતનો અનન્ય આશરો હોય તો દુઃખ સર્વે ટળી જાય અને સુખ થાય.

એક વાર સ્વામી થાણાગાલોલ પધાર્યા. અહીં જસા રાજગોર નામના હરિભક્ત આવ્યા. તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી શક્તિ પ્રમાણે સેવા કરી અને સ્વામી પાસે પોતાની પરિસ્થિતિ રજૂ કરી. 'સ્વામી ! મારો વ્યવહાર ખૂબ જ દૂબળો છે ને સંતો-હરિભક્તોની સેવા-સંભાવના બરાબર થતી નથી ને જમીનમાં પણ બહુ મહેનત કરવા છતાં બરકત આવતી નથી ને વ્યવહારમાં પણ ખૂબ મુશ્કેલી રહે છે.' સ્વામીએ પૂછ્યું તમારી પાસે કાંઈ છે ? તેઓ બાજરો લાવ્યા એટલે સ્વામીએ સંતોને આપી કહ્યું કે જૂનાગઢ જઈ પલાળી સૌ સંતોને મૂઠી-મૂઠી આપીશું પછી કપડું મંગાવીને ગરણું ફાડી લીધું પછી તેમની સાથે ખેતરે ગયા ને કહ્યું 'આ તો સોનું પાકે તેવી જમીન છે. માટે વણ વાવજે.' તેથી જસા ભગતે સ્વામીની આજ્ઞાથી આડા-ઊભા ઓગણીશ લીટા કરી વણ વાવ્યું. પછી ખૂબ સારો પાક થયો ને દેવું બધું ઊતરી ગયું ને રૂપિયા પાંચસો વધ્યા. આથી મંદિરમાં રસોઈ આપી.

આમ, આ તો સામાન્ય વ્યવહારનું દુઃખ હતું તોપણ સ્વામીએ ટાળ્યું અને કંઈ ન ઊપજે એવી જમીનમાં અમી રેડ્યું અને દુઃખ ટાળ્યું. પાંડવોને કેટલાં દુઃખ આવ્યાં. વનવાસ આવ્યો, લાક્ષાગૃહ આવ્યું, યુદ્ધ થયું પણ એક શ્રીકૃષ્ણ ભગવાનનો આશરો હતો તો સુખ થયું તેમજ આપણે પણ કોઈ પણ દુઃખ આવે તો ભગવાન અને સંતને બાઝી પડવું જેથી દુઃખ ટળે અને સુખ થાય.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | | પ્ર-૭ | |
|---|---|---|---|---|

**પ્રશ્ન.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**વિષય :- કૃપાનંદ સ્વામી**

**૧.** 'આપનાં દર્શનથી અપાર શાંતિ થઈ ગઈ છે, તેથી અહીં જ જગન્નાથપુરી તીર્થ થઈ ગયું.' **૨.** 'તેઓ કોઈ રીતે પદાર્થે કરીને રાજી ન થાય. તેમની આગળ તો દીન થઈએ તો જ જિતાય.' **૩.** કૃપાનંદ સ્વામીનો મત - પ્રેમ વિનાનું જ્ઞાન વિઘ્ન કરે. **૪.** તેઓ બ્રાહ્મણ હતા. **૫.** તેમણે પ્રથમવાર મહારાજને ભૂજમાં જોયા. **૬.** તેઓ દર અઠવાડિયે સાધુની ઝોળીઓ તપાસતા. **૭.** 'જેની વાત કરવામાં આવો અદ્ભુત ઐશ્વર્યપ્રતાપ જણાય છે તો તેમનામાં જરૂર અપાર ઐશ્વર્ય હોવું જોઈએ !' **૮.** મહારાજે રાજી થઈને બંનેને દીક્ષા આપી. **૯.** મહારાજે તેમને કહ્યું કે તમને ખાવાનું નહિ મળે, બાવાઓ માર મારશે. **૧૦.** સેવા કરવાથી જરૂર ભગવાન દર્શન દેશે એવી ઈચ્છાથી તેઓ સેવા કરતા.

**ફક્ત નંબર :-** ૨ | ૪ | ૬ | ૮ | ૧૦

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૭ નીચેની પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

૧. **કહ્યું બહુ પ્રકારે** કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે;

પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે **એની વાતમાં રે.**

ગુણ : ૨

૨. **રસિયા જોઈ** રૂપાળી કોટ રૂડી રેખાવળી રે લોલ,

વહાલા મારું મનડું મળવા ચ્હાય કે જાય ચિતડું ચળી રે લોલ.

વહાલા તારી જમણી ભુજાને પાસ રૂડાં તિલ ચાર છે રે લોલ,

વહાલા તારા કંઠ વચે તિલ એક અનુપમ **સાર છે રે લોલ.** ગુણ : ૨

૩. **પછી બોલિયા** શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર;

મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.

મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;

એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી **માની વાત.** ગુણ : ૨

૪. **પચરંગી** પુષ્પનાં કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરાં;

ચરણમાં શ્યામને નૂપુર પુષ્પનાં, લલિત ત્રિભંગી **શોભે ઘણેરાં.**

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | |
|---|---|---|

**પ્રશ્ન.૮ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

૧. **जनमंगलस्तोत्रम् :- ॐ सत्यवादिने नमः**, गुणग्राहिणे नमः, गतस्मयाय नमः, सदाचारप्रियतराय नमः, पुण्यश्रवणकीर्तनाय नमः, ॐ **सर्वमंगलसद्रूपनानागुणविचेष्टिताय नमः ॥**

ગુણ : ૨

૨. **दिव्याकृति**त्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधिं प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसाङ्ख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं **शरणं प्रपद्ये ॥**

ગુણ : ૨

૩. आसामहो ....... श्रुतिभिर्विमृग्याम् ॥ – શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો.

**જ.** અહો ! જે ગોપીઓ કોઈથી પણ ન ત્યાગ થઈ શકે તેવા સંબંધીજનનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ ગાવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજતી હતી અર્થાત્ ભગવાનમાં ધ્યાનપરાયણ થતી હતી; તે આ ગોપીઓના ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં વર્તતી પુષ્પ, લતા, ઔષધિ વગેરેને મધ્ય હું પણ કોઈક થઉં એટલે કોઈક તૃણ કે કીટકાદિરૂપે ગોપીઓના ચરણરેણુના સ્પર્શને યોગ્ય હું થઉં આવી આકાંક્ષા કરું છું.

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી

**પ્રશ્ન.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ‘‘તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જઉં !’’

**કોણ કહે છે ?** મૂળજી ભક્ત **કોને કહે છે ?** નથુ વાળંદને

**ક્યારે કહે છે ?** એક વખત નથુ વાળંદ મૂળજીને ક્ષૌર કરતાં હતા ત્યારે કહે કે રામ ભગવાન કેવા જબરા ! આખી અયોધ્યાને વૈકુંઠમાં લઈ ગયા ત્યારે કહે છે.

ગુણ : ૩

૨. ‘‘મોટા તો એક ખુદાતાલા છે.’’

**કોણ કહે છે ?** ગુણાતીતાનંદ સ્વામી **કોને કહે છે ?** મુસલમાનોને

**ક્યારે કહે છે ?** ઘોડાની સરક પકડીને મુસલમાનોએ સ્વામીને પૂછ્યું કે તમે જ મોટેરા છો ને ? તેમનો ઈરાદો સંઘના મોટેરાને મારી નાખવાનો હતો. ત્યારે તેમના જવાબમાં સ્વામી કહે છે.

ગુણ : ૩

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | |
|---|---|---|

૩. ''તમે જો સાચું માનતા હો તો તેમનાં દર્શને ચાલો.''

**કોણ કહે છે ?** ગુણાતીતાનંદ સ્વામી **કોને કહે છે ?** મહેમદાવાદના વેદાંતી બ્રાહ્મણોને

**ક્યારે કહે છે ?** ગુણાતીતાનંદ સ્વામી મહેમદાવાદમાં સભામાં બેઠા હતા તે મકાન ચૈતન્ય બની હલવા લાગ્યું. શરીરમાંથી અતિશય પ્રકાશ થયો. આથી વેદાંતીઓ બીવા લાગ્યા. સ્વામીએ કહ્યું કે આ તેજ સમાવી લો. પછી સ્વામીએ પોતે જ તેજ સમાવી લીધું. ત્યારે વેદાંતીઓ બોલ્યા કે 'તમે બ્રહ્મ ખરા !' ત્યારે સ્વામી કહે છે કે અમે તો બ્રહ્મ ખરા, પણ તમે શ્રીજીમહારાજને પરબ્રહ્મ છે તેમ સાચું માનતા હો તો દર્શને ચાલો.

| ગુણ : ૩ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. બાઉદ્દીન રંકમાંથી રાય બન્યો.
૨. આત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને પોતાના પત્તરની પ્રસાદી આપી નહિ.
૩. ખંભાતના નવાબ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવ્યા.
૪. શાસ્ત્રીજી મહારાજ ઘણા મુમુક્ષુઓને માલજી સોની પાસે લઈ જતા.

( ૧ ) શિયાળાની કડકડતી ઠંડીમાં એક વખત સ્વામી સંતો-હરિભક્તો સાથે શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે નાહવા પધાર્યા. નાહીને ધરાનો અપાર મહિમા કહ્યો. તેવામાં સાંજ થઈ હતી તેથી ઠંડી શરૂ થઈ. સ્વામીએ તાપવાની ઇચ્છા દર્શાવી. ત્યાં દૂર રસ્તા ઉપર એક કઠિયારો તેની મા સાથે લાકડાંની ભારી લઈને બેઠો હતો. ભગતે તેની પાસે જઈને કહ્યું કે અમારા વૃદ્ધ સાધુને ટાઢ ચડી છે તો બે-ચાર લાકડાં આપશો ? ડોશીએ તેના છોકરાને લાકડાં આપવાનું કહ્યું અને બોલી કે ઓલિયા જેવા ફકીર છે તો દે દે, દુઆ દેશે. એમ કહીને તેણે પણ તેના ભારામાંથી બે ઈંધણાં આપ્યાં કે મારું પણ સારું થાય. કઠિયારાએ તેની આખી ભારી આપી. સ્વામી ડોશીનો ભાવ જોઈ બોલ્યા કે હવે તેને લાકડાં કાપવા નહિ પડે. કઠિયારો લાકડાં વેચી ઘરે ગયો. સ્વામી પણ તાપીને મંદિરે પધાર્યા. કોઈ કામ અંગે બાઉદ્દીન તેની બહેન સાથે બજારમાં ગયો. ત્યાં નવાબની સવારી નીકળી હતી. નવાબની નજર તેની બહેન પર પડી અને તેને તેની સાથે નિકાહ પઢવાની ઇચ્છા થઈ. નવાબે બાઉદ્દીનને બોલાવીને પોતાની ઇચ્છા જણાવી. બાઉદ્દીને તેની માની રજાથી તેની બહેનને નવાબ સાથે પરણાવી. બાઉદ્દીન નવાબનો કારભારી બની ગયો. ધીરે-ધીરે દીવાન બન્યો, પરંતુ તેની આ ઉન્નતિ સ્વામીના આશીર્વાદથી જ થઈ છે તેનો તે હંમેશા ખ્યાલ રાખતો. તેથી મંદિરે આવી રસોઈ આપતો અને સંતોની સેવા કરતો. આમ, બાઉદ્દીન રંકમાંથી રાય બની ગયો.

ગુણ : ૩

( ૨ ) એક વખત સ્વામી વાગડ પધાર્યા ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું કે મને ૧૧૬ વર્ષ થયાં છે અને કંઈ વાસના નથી તોપણ કેમ મહારાજ ધામમાં નથી તેડી જતા ? ત્યારે સ્વામીએ કહ્યું કે મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર રહી જતી હશે. મહારાજને બીજા અવતાર જેવા જાણો તો તેમના સ્વરૂપનો દ્રોહ કર્યો કહેવાય. મહારાજે સ્વમુખે કહેલા તેમના સર્વોપરીપણાના પ્રસંગો યાદ કરાવીને કહ્યું કે મહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે, એમ વચનામૃતના સાખે ઘણી વાત કરી. આ ઉપાસના સમજાવા સારુ જ મહારાજે તમારો દેહ રાખ્યો છે. પછી તેમને મહારાજનું સર્વોપરી સ્વરૂપ સમજાયું અને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પણ સમજાયો. બંનેય સદ્‌ગુરુઓ જ્યારે સાથે જમવા બેઠા ત્યારે આત્માનંદ સ્વામી પાસે સ્વામીએ પત્તરની પ્રસાદી માંગી ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા 'ઊલટી ગંગા ન હોય.' આજ દિન સુધી મેં અજાણતાં મારા પત્તરની પ્રસાદી તમને આપી પણ આજે તમારું સ્વરૂપ મને સમજાયું છે. એમ કહી પ્રસાદી આપી નહિ.

ગુણ : ૩

( ૩ ) એક વખત સ્વામી ખંભાત પધાર્યા ત્યારે ત્યાંના હરિભક્તો સ્વામી માટે નવાબસાહેબનો રૂપાનો મ્યાનો લાવી વાજતે-ગાજતે સ્વાગત કરવા આવ્યા. સ્વામીને રૂપાના મ્યાનામાં બેસવાની પ્રાર્થના કરી, પરંતુ સ્વામીએ ના પાડી. હરિભક્તોએ આગ્રહ કરતાં કહ્યું કે જો તમે રૂપાના મ્યાનામાં નહિ બેસો તો નવાબને હિંદુઓ ઉપર રોષ છે તે વધશે. આપ જેવાનો અવગુણ આવશે ત્યારે સ્વામી બોલ્યા કે 'અવગુણ આવવો, ના આવવો, તેમના હાથમાં નથી, પણ અમે મ્યાનામાં બેસીશું નહિ.' પછી

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | |
|---|---|---|

સ્વામી સાદા સિગરામમાં બેઠા. રસ્તે જતાં લોકો બોલતાં કે જોગી મોટા છે પણ ફાટેલી ગોદડી તેમને શોભવા દેતી નથી. આ સાંભળી સ્વામી બોલ્યા કે ' આ તો ચીંથરે વીંટેલ રતન છે.' સ્વામી રૂપાના મ્યાનામાં ન બેઠા અને સાદા સિગરામમાં બેઠા એ વાત સાંભળી નવાબને થયું કે એવા એ કોણ છે ? ક્યાંના છે ? જે રૂપાના મ્યાનામાં ન બેઠા અને સાદા સિગરામમાં બેઠા ? ત્યારે કોઈએ કહ્યું કે એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ પુરુષ છે ને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.' અને નવાબને ઉત્કંઠા થવાથી સ્વામીના દર્શને આવ્યા.

| ગુણ : ૩ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૧૧ નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. સૂક્ષ્મ તપ ૨. માન અપમાન મેં એકતા ૩. ગૃહત્યાગ અને દીક્ષા

( ૧ ) ગુણાતીતાનંદ સ્વામી જે મંડળમાં જતા ત્યાં એ ભિક્ષા માગવા જતા. ભિક્ષા માગી લાવ્યા પછી પહેલાં મોટા સદ્‌ગુરુઓને અને સંતોને જમાડતા. પછી જે કાંઈ વધે તે પોતે જમતા. ક્યારેક ભૂખ્યા પણ રહેવું પડે, પણ કોઈને જણાવા દેતા નહિ. પોતે શરીર પર એક દોરો બાંધી રાખતા. શરીર જરા પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરતા. એક વખત રામદાસ સ્વામીના મંડળમાં સ્વામી હતા ત્યાં એક ગામમાં બે-ત્રણ સંતોને તાવ આવ્યો. તેથી ત્યાં વધુ રોકાઈ જવું પડ્યું. સંતોથી અનાજ લઈ શકાતું નહિ. તેથી એક હરિભક્ત મઠ શેકી લાવ્યા. ફરસા મઠ ખાવા ભાવે. માંદા સંતો જમીને તૃપ્ત થયા. તોપણ મઠ વધ્યા. પછી મંડળના બીજા સંતો પણ જમીને તૃપ્ત થયા. તોપણ એક શેર મઠ વધ્યા. મહારાજે અપરિગ્રહ નિયમ આપેલો તેથી ભિક્ષામાં આવેલા અન્નનો સંગ્રહ થાય નહિ. તેથી રામદાસ સ્વામીએ કહ્યું કે કોઈ આ મઠ જમી જાઓ તો સારું. હંમેશા અડધી ભૂખ વેઠતા સ્વામી

બોલ્યા કે લાવો, આપની ઇચ્છા હોય તો હું જમી જઉં. સ્વામી બધા મઠ જમી ગયા. ત્યારે રામદાસ સ્વામીને બહુ નવાઈ લાગી અને બોલ્યા 'અહોહો સાધુરામ આટલી ભૂખ રોજ વેઠો છો ?'

ઉમરેઠમાં પણ ઉનાળામાં રામ ઠાકરને ત્યાં રસ-રોટલી જમ્યા પછી મહારાજે ઊભાં-ઊભાં ઝીલણિયાં કીર્તનો ગાવાની આજ્ઞા કરી. પણ કોઈ ઊભું થયું નહિ. જ્યાં બેસવાનું જ તાપમાં ભારી પડતું હતું તો કોણ ઊભું થાય. પણ જેણે દેહનો અનાદર કર્યો છે તે સ્વામી ઊભા થયા અને તેમની સાથે તદ્રુપાનંદ સ્વામી ઊભા થયા. સ્વામીને પાંચસો કીર્તનો મોઢે હતાં. એક પછી એક કીર્તનો બોલતા જાય અને ઝિલાવતા જાય. એમ બે કલાક સુધી કીર્તન-ભક્તિ ચાલી. એ દરમ્યાન મહારાજની ઇચ્છાથી આકાશ વાદળોથી છવાયેલું રહ્યું અને કીર્તન-ભક્તિ પૂરી થઈ એટલે વરસાદ પડ્યો. ત્યારે મહારાજ બોલ્યા કે તમારી ભક્તિથી વરસાદ થયો.

| ગુણ : ૪ | |
|---|---|

( ૨ ) એક વખત સ્વામી વરતાલ ચૈત્રી પૂનમના સમૈયે આવ્યા હતા. સ્વામીની ઇચ્છાથી પ્રાગજી ભક્ત સ્વામી અક્ષર છે તેવો પ્રચાર કરતા. તેથી ઘણા દ્વેષી સાધુઓને ગમતું નહિ. તેથી સ્વામીને ઠપકો આપવાનું નક્કી કરેલું. સ્વામી સભામાં આવ્યા ત્યારે શુકમુનિના સેવક હરિસ્વરૂપદાસજીની ચઢવણીથી ગઢડાના કરુણાનંદ બ્રહ્મચારીએ સ્વામીને કહ્યું કે 'ભગવાન થયા છે ને પૂજાય છે, પણ સ્વામીને કેમ કોઈ કાંઈ કહેતું નથી ? આ સાંભળી શુકમુનિ બોલ્યા કે મને કોઈએ શુકજી કહેવો નહિ ને આ ગુણાતીતાનંદ સ્વામીને કોઈએ અક્ષર કહેવા નહિ. એટલે ધીરેથી સ્વામી ઊભા થયા અને નિ:ધડકપણે બોલ્યા કે 'પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે. બીજા કોઈથી પ્રભુ થવાશે નહિ. પણ આ તો જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો હુકમ ચાલે, તેવો રાણીનો હુકમ પણ ચાલે અને જેવો ભગવાનનો પ્રતાપ, તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.' એટલામાં સીંજીવાડાના પ્રભુદાસે સભામાં ઊભા થઈ કહ્યું કે 'સ્વામીને આવું કહેવાની તમારા બધાની લાયકાત

છે ?' એટલામાં કોઈ આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને બોલાવી લાવ્યું. આરતીનો ડંકો થયો એટલે આચાર્ય સાથે સ્વામી મંદિરે પધાર્યા. આરતી કરીને પાછા આવતા હતા ત્યારે માળી ગુલાબનો હાર લઈને ઊભો હતો. તે આચાર્યની ઇચ્છાથી માળીએ સ્વામીને પહેરાવ્યો. આચાર્ય ઉતારે ગયા. સ્વામી ધર્મશાળામાં જતા હતા ત્યારે શુકમુનિના સેવક હરિસ્વરૂપદાસ મળ્યા એટલે સ્વામીએ પોતાની કોટમાંથી હાર કાઢી તેને પહેરાવ્યો અને બોલ્યા

'હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'

સ્વામી ઉતારે પધાર્યા ત્યારે મોટા મોટા સદ્‌ગુરુઓને સ્વામીની આવી સ્થિતિ જોઈ થયું કે સ્વામી ગુણાતીત ખરા ! પછી અદ્‌ભુતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામીએ સ્વામીને પોતાના આસને બોલાવી પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં અને સાકરનો પડો મૂકીને કહ્યું 'સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.'

ગુણ : ૪

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૧૨ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (તિથિ) — ગુણ : ૧

જ. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ભાદરા ગામે સંવત ૧૮૪૧ના આસો સુદ પૂનમને દિવસે થયો.

૨. શ્રીજીમહારાજે જૂનાગઢ પ્રતિષ્ઠા વખતે સંતો-હરિભક્તોને શી આજ્ઞા કરી ? — ગુણ : ૧

જ. વર્ષોવર્ષ એક માસ સ્વામીનો સમાગમ કરવા જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાખીશ.

૩. સુરતમાં મુક્તાનંદ સ્વામીની સભામાં એક માત્ર ગુણાતીતાનંદ સ્વામી જ કેમ ઊભા થયા ? — ગુણ : ૧

જ. બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક માત્ર ગુણાતીતાનંદ સ્વામી જ હતા માટે.

૪. ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજ કયા બીજા નામથી બોલાવતા ? — ગુણ : ૧

જ. ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજ 'નિર્ગુણાનંદ' નામથી બોલાવતા.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | |
|---|---|---|

૫. ગુણાતીતાનંદ સ્વામીએ દૂધ લેવાનું બંધ શાથી કર્યું ? ગુણ : ૧

**જ.** મહારાજની અનુવૃત્તિ જાણીને સ્વામીએ દૂધ લેવાનું બંધ કર્યું.

૬. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા ચાર હરિભક્તોનો સમાગમ કરવાનું કહેતા ? ગુણ : ૧

**જ.** કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી અને બગસરાના વેલો સથવારો આ ચાર હરિભક્તોનો સમાગમ કરવાનું ગુણાતીતાનંદ સ્વામી સંતોને કહેતા.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☞ [ ] ☜ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્રશ્ન.૧૩ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

૧. જીવની અવળાઈ ૨. મુંજો સૂરુ સત્સંગી થયો. ૩. એક વાર મળતાં કઠણ પડ્યું.

( ૩ ) એક વાર મુક્તાનંદ સ્વામી સુરતમાં સભા કરીને બેઠા હતા. ત્યાં એક હરિભક્ત આવ્યા અને મહારાજના સમાચાર પૂછ્યા અને કહ્યું કે મહારાજ માટે તાજા વાંસ, આદું અને તીખાંનું અથાણું બનાવ્યું છે તે મોકલાવવું છે. સ્વામીને પણ સતીગીતાનું પુસ્તક પ્રસાદીનું કરવા મોકલવું હતું. તેથી મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી જવા તૈયાર થયા. સાથે જોડમાં એક ગોદડિયા શાંતાનંદ નામના સંત પરાણે જવા તૈયાર થયા. તે કહે, તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ. અથાણાંની ત્રણ બરણી, સતીગીતાનું પુસ્તક, બરફીની માટલી, સુંદર સાદડી વગેરે લઈ સ્વામી ગયા. રાત-દિવસ ચાલતા ગઢડા પહોંચ્યા. ત્યાં મહારાજ છાના રહેતા. ઘેલે કાંઠે જે કોઈ આવે તેને સ્વામી પૂછે. પછી નાજા જોગિયાએ ખબર આપ્યા કે મહારાજ કાલે કારિયાણી જવાના છે. તો તમે ત્યાં આવો. સ્વામી કારિયાણી આવ્યા. વસ્તા ખાચરના દરબારમાં સ્વામીને મહારાજનાં દર્શન થયાં. મહારાજ જમવા માટે જ બેસતા હતા. મહારાજને અથાણું, બરફી ધર્યાં. મહારાજ જમ્યા અને પ્રસાદી પણ આપી. પછી સ્વામીએ સુરતના હરિભક્તોનો સંદેશો આપ્યો. સ્વામી જેમ જેમ નામ બોલતા જાય તેમ તેમ મહારાજ તેમને ભેટતા જાય. પછી મહારાજને શ્રમ પડે એ હેતુથી સ્વામીએ નામ બોલવાના બંધ કર્યાં. આમ બાવીસ વાર ભેટ્યા પછી શાંતાનંદ સ્વામી મહારાજને ભેટવા આગળ આવ્યા ત્યારે મહારાજ કહે કે અમે તમને નહિ ભેટીએ. ત્યારે સ્વામી કહે કે મહારાજ ! મારી સાથે બરણી ઉપાડી છે, ઘણી સેવા કરી છે માટે ભેટો તો સારું.' પછી મહારાજ ભેટ્યા તો ખરા પણ બોલ્યા કે 'સ્વામીને બાવીસ વાર ભેટતાં કઠણ નથી પડ્યું એટલું આ એક વાર ભેટતાં પડે છે કારણ કે

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૩ | | પ્ર-૧૪ | |
|---|---|---|---|---|

આજ્ઞા વગર આવ્યા છો. એમ કહી આજ્ઞાપાલનનો મહિમા સમજાવ્યો.

**ભાવાર્થ :-** ભગવાન અને સંતની આજ્ઞા પાળીશું તો જ તેમનો રાજીપો મળે છે. માટે આજ્ઞા પાળવી. આજ્ઞાપાલક થવું એ જ આ વાતથી સિદ્ધ થાય છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☐ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલાં ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજે કયાં કયાં સ્થળોએ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા છે. ગુણ : ૨

(૧) ☐ પીપલાણા (૨) ✓ ગઢડા

(૩) ✓ ભાદરા (૪) ✓ સારંગપુર

૨. ગુણાતીતાનંદ સ્વામીએ બીમારીમાં કોની સેવા કરી હતી ? ગુણ : ૨

(૧) ✓ આત્માનંદ સ્વામી (૨) ✓ કારિયાણીમાં ઓગણીસ માંદા સંતો

(૩) ☐ ગઢડામાં અઢાર માંદા સંતો (૪) ✓ દેવાનંદ સ્વામી

૩. ગુણાતીતાનંદ સ્વામીના મુખે પ્રસંગોપાત્ત બોલાયેલા શબ્દો. ગુણ : ૨

(૧) ☐ 'મને રસાસ્વાદ નડતો નથી.'

(૨) ✓ 'અષ્ટાંગ યોગનું ફળ સમાધિ છે માટે જાઓ તમને સમાધિ થશે.'

(૩) ☐ 'હું તો મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઉં છું.'

(૪) ✓ 'આ તારા ઘરમાં બેઠું છે એ જ અક્ષર છે.'

૪. ગુણાતીતાનંદ સ્વામીએ આપેલાં દૃષ્ટાંતો ગુણ : ૨

(૧) ✓ સાવજ માણસનું ખાણું ન ખાય.

(૨) ✓ જેટલામાં રાજાનું રાજ તેટલામાં રાણીનું રાજ.

(૩) ✓ વેપારીઓએ મફતમાં કપડાં આપ્યાં.

(૪) ✓ પથ્થર નાંખવાથી પાણી ઉપરની લીલ ખસી ગઈ.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☐ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા